વિજલપોરમાં મોડી રાત્રે તણાવની સ્થિતિ

રાષ્ટ્રીય વિદ્યાર્થી દળના પ્રમુખની જન્મદિનની ઉજવણી બાબતે વિવાદ થયો



સુરત : નવસારી જિલ્લાના વિજલપોર સ્થિત શિવાજી ચોક વિસ્તારમાં રાષ્ટ્રીય વિદ્યાર્થી દળ (RVD) ના પ્રમુખના જન્મદિવસની ઉજવણી કરવા બાબતે બે જૂથો વચ્ચે સામસામે બોલાચાલી અને ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. ઘટના અંગે જાણ થતાં જ વિજલપોર પોલીસ સ્ટેશનના પી.આઈ. સચિન પવાર પોતાની ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસે સમયસૂચકતા દાખવી કાયદો અને વ્યવસ્થા જાળવી રાખીને ટોળાને વિખેરી નાખતાં સંભવિત મોટો બનાવ ટળ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો છે. વીડિયોમાં ત્રણસોથી ચારસો જેટલા લોકો રસ્તા પર દોડાદોડી કરતાં જોવા મળે છે તે ગંભીર બાબત છે.

જય નાયક સ્થાનિક રહેવાસી જ નથી : ગણેશ ગુટ્ટે

બીજા પક્ષના ગણેશ ગુટ્ટે અને તેમના સમર્થકોએ આ ઉજવણી સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. તેમનું કહેવું હતું કે જય નાયક સ્થાનિક વિજલપોરના રહેવાસી નથી, તેથી અહીં ઉજવણી કરવી યોગ્ય નથી. બહારથી આવતા લોકો દ્વારા જાહેર રસ્તા પર કાર્યક્રમો કરવાથી વાહનવ્યવહાર અને ટ્રાફિકને અડચણ ઊભી થાય છે તેવો આક્ષેપ કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

છત્રપતિ શિવાજીની પ્રતિમાને ફૂલહારનો કાર્યક્રમ હતો : ગણેશ કોળી

રાષ્ટ્રીય વિદ્યાર્થી દળના પ્રમુખ જય નાયકના જન્મદિવસ નિમિત્તે વિજલપોરના શિવાજી ચોક ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. RVDના શાખા પ્રમુખ ગણેશ કોળી (આબ્યા) અને તેમના સમર્થકો દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવાનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. જોકે, આ કાર્યક્રમ શરૂ થાય તે પૂર્વે જ વિરોધનો સૂર ઊઠતાં વાતાવરણ તંગ બની ગયું હતું.

વિજલપોર પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લીધી

બંને જૂથો વચ્ચે તણાવ વધતાં જ વિજલપોર પી.આઈ. સચિન પવાર તેમની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક ધોરણે બંને પક્ષોને સમજાવીને ટોળાને વિખેરી નાખ્યું હતું. RVD શાખા પ્રમુખ ગણેશ કોળીએ શાંતિ જાળવવા કાર્યક્રમ સ્વયંભૂ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી. હાલ શિવાજી ચોક ખાતે પરિસ્થિતિ સંપૂર્ણપણે શાંત અને પોલીસ નિયંત્રણ હેઠળ છે.

સ્વ.શંકરભાઈની પીડા એકની નહીં, રાજ્યભરના શિક્ષકોની પીડા: શિક્ષક સંઘ



વલસાડ: કપરાડા તાલુકાના નીલોસી પ્રાથમિક શાળાના આચાર્ય શંકરભાઈ જાદવે ઓનલાઈન કામગીરીના ભારણને કારણે માનસિક ત્રાસ હોવાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કરી જીવન ટૂંકાવ્યાની ઘટનાના પડઘા રાજ્યભરમાં પડ્યા છે. ઘટનાની ગંભીરતાને પગલે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજ્યભરની તમામ પ્રાથમિક શાળાઓમાં બુધવારે પ્રાર્થના સભા દરમિયાન મૌન પાળી સ્વ. શંકરભાઈ જાદવને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજ્યના તમામ જિલ્લા અને તાલુકા હોદ્દેદારોને પત્ર મોકલી શાળાઓમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવા સૂચના આપવામાં આવી હતી. સંઘે પત્રમાં જણાવ્યું હતું કે, સ્વ. શંકરભાઈની પીડા માત્ર એક શિક્ષકની પીડા ન હતી, પરંતુ રાજ્યના સૌ શિક્ષકોની પીડા છે. સંઘના આદેશને પગલે કપરાડા સહિત વલસાડ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પણ પ્રાર્થના સભા યોજી સ્વ. શંકરભાઈ જાદવને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

વાપીમાં ખેંચ આવતા નવમા માળેથી પટકાતાં જૈન સાધ્વીનું નિધન

વાપી: વાપી ટાઉનમાં પંચલબ્ધી બિલ્ડિંગના 9માં માળના સિડીના પેસેજમાંથી અકસ્માતે નીચે પટકાતા જૈન સાધ્વીનું અવસાન થયું હતું. આ બિલ્ડિંગમાં જૈન ઉપાશ્રયમાં રહેતા 22 વર્ષના જૈન સાધ્વી કેવલદર્શી રેખાશ્રીજી મહારાજ બુધવારે બપોરે તેમના નિવાસ સ્થાને બિલ્ડિંગની સિડીના પેસેજમાંથી નીચે પટકાતા તેમનું મોત નીપજ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સાધ્વી 9મા માળે રહેતા હતા તેમજ બુધવારે બપોરે તેમને ખેંચ આવતા તેઓ લિફ્ટના પેસેજમાંથી નીચે પટકાતા તેમનું મરણ થયું હતું. વાપી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વાપીના જૈન સમાજ સહિત પંથકમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

વાપી પોલીસે ગ્રાહક બની ગાંજો વેચતા બેને ઝડપી પાડ્યા

વાપી: મોરાઈ બ્રિજ નીચે કેબિનમાં ગાંજાનું વેચાણ થવાની બાતમી મળતા વાપી ટાઉન પોલીસ ટીમ ગઈ હતી. જે બાદ પડીકી આપતા પોલીસ ટીમે કેબિન ચલાવતા અજીતકુમાર નંદકિશોર શાહ (ઉ.૧૮, રહે. બલીઠા, મૂળ બિહાર) અને ગાંજાની પડીકી લાવનાર જયેન્દ્ર સુભાષભાઈ નાયક (ઉ.૨૭, રહે. બગવાડા) ને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી એફએસએલની મદદથી તપાસ કરતાં ૪૯૩ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત અંદાજે ૨૪,૬૫૦ રૂપિયા થાય છે. પૂછપરછ દરમિયાન અજીતકુમારે આ જથ્થો મનોજ (રહે. આલોક કંપની પાસે, વાપી) આપી ગયો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે મનોજને વોન્ટેડ જાહેર કરી, મોબાઈલ ફોન સહિત કુલ ૨૬,૬૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરાની યુવતીના દુષ્કર્મ કેસમાં કારચાલક જલગાંવથી ઝડપાયો

વાપી: વડોદરા વિસ્તારમાં રહેતી અને પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી 20 વર્ષીય યુવતી સાથે ઈન્સ્ટાગ્રામ પર વડોદરામાં રહેતા સફાન જફર શેખ સાથે દોસ્તી થઈ હતી. સફાને યુવતીને મુંબઈમાં પાર્ટી કરવા માટે બોલાવી હતી. યુવતીને અલગ-અલગ પ્રકારના વ્હીસ્કી અને ડ્રગ્સનું સેવન કરાવી બેભાન અવસ્થામાં મૂકી બળાત્કાર ગુજાર્યો હતો. મુંબઈથી પરત ઘરે આવતા તબિયત લથડતાં યુવતીને વાપી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાતા વાપી ડુંગરા પોલીસે ફરિયાદ નોંધાઈ હતી. જે તે સમયે સફાન જફર શેખ અને ફરીદ વાહીદ કોઠીયાવાલાની ધરપકડ કરી હતી. વલસાડ એલસીબીએ ગુનામાં સંડોવાયેલા કારચાલક શકીલ સફી શેખ (ઉ.36, રહે. કૂલવાડી, ભરીમાતા રોડ, સુરત) હોવાનું બહાર આવ્યું હતું. જે બાદ પોલીસ ટીમને મળેલી બાતમી આધારે જલગાંવ મહારાષ્ટ્ર પહોંચી હતી અને ત્યાંથી શકીલ શેખને ઝડપી પાડ્યો હતો.

વાપીમાં કોંગ્રેસે પિતૃશ્રાદ્ધ કરી અનોખો વિરોધ કર્યો

વાપી: વાપીમાં આરઓબીના અધૂરા કામને લઈ કોંગ્રેસ દ્વારા પિતૃશ્રાદ્ધ કરી અનોખો વિરોધ કર્યો હતો. વાપી શહેરમાં છેલ્લા ચાર વર્ષથી રેલવે ઓવરબ્રિજ (આરઓબી)નું કામ મંથરગતિએ ચાલી રહ્યું હોવાના આક્ષેપ સાથે વાપી શહેર કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. લાંબા સમયથી કામગીરી પૂર્ણ ન થતાં લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. આરઓબીની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવે તેવી માંગ સાથે વાપી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સ્થળ પર પિતૃશ્રાદ્ધ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાપી શહેર કોંગ્રેસ સમિતિના ખંડુભાઈ, વરુણભાઈ, હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

વલસાડમાં સ્માર્ટ મીટરને લઈ વધુ એક સોસાયટીમાં વિવાદ

ઓધવ કૃપા બિલ્ડિંગના રહીશોનો વિરોધ, પોલીસે મામલો થાળે પાડ્યો

વલસાઃ વલસાડમાં સ્માર્ટ મીટરનો વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. જેની સામે ડીજીવીસીએલ દ્વારા બળજબરીથી સરકારના હુકમનો હવાલો આપી સ્માર્ટ મીટર લગાવવાની કાર્યવાહી થઈ રહી છે. જેને લઈ રોજ બરોજ તેમનું ગ્રાહકો સાથે ઘર્ષણ થઈ રહ્યું છે. ગુંદલાવ બાદ વલસાડમાં વધુ એક સ્થળે આવું ઘર્ષણ થયું હતુ. જોકે, સમય પર 112ની ટીમ આવી ગઈ હતી અને મામલો થાળે પાડ્યો હતો. વલસાડના ઓધવ કૃપા એપાર્ટમેન્ટમાં સ્માર્ટ મિટર લગાવવા ગયેલા નાનકવાડા સબ ડિવિઝનની ટીમ પહોંચી હતી. જ્યાં તેઓ સ્માર્ટ મીટર લગાવવાની કાર્યવાહી કરે એ પહેલાં સ્થાનિકોએ તેમનો ભારે વિરોધ કર્યો હતો. જેના કારણે તેમનું બિલ્ડિંગના રહીશો સાથે ઘર્ષણ થયું હતુ. આ દરમિયાન કોઈએ 112 પર ફોન કરતાં પોલીસની ટીમ તુરંત ત્યાં આવી ગઈ હતી. પોલીસે આ મામલે દરમિયાનગીરી કરી મામલો થાળે પાડ્યો હતો અને બિલ્ડિંગમાં સ્માર્ટ મીટર લગાવડાવ્યું હતું. જોકે, સ્માર્ટ મીટર સામે સ્થાનિકોએ છેલ્લે સુધી વિરોધ નોંધાવ્યો હતો.

કપરાડામાં વરસાદ ખેંચાતાં પાકનો સરવે કરી વળતર આપવા માંગ

વલસાડઃ કપરાડા તાલુકામાં પાછોતરો વરસાદ ન પડતા ડાંગરના પાકને થયેલા નુકસાનન વળતર મુદ્દે જય આદિવાસી મહાસંઘ કપરાડા દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પ્રમુખ ભાસ્કરભાઈ સિંગાડેની અધ્યક્ષતામાં અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ચાલુ સિઝનમાં એકાદ માસથી વરસાદ ખેંચાતા ડાંગર, નાગલી, વરઈ તથા કઠોળ પાક જેવા કે અડદ, તુવેર તથા વેલાવાળા શાકભાજી દૂધી, કરેલા, ગલકા ઉપરાંત ટામેટા, રીંગણ, ભીંડા, લીલી હળદર, શક્કરિયાને મોટું નુકસાન થયું છે. જેથી કપરાડા તાલુકાના વિવિધ ગામોમાં વિવિધ પાકોનું સરવે કરી વળતર આપવામાં આવે માંગ કરી છે.

નીલોસી ગામની શાળાના આચાર્ય શંકરભાઈ જાદવ આપઘાત પ્રકરણ

રાજ્યના શિક્ષકોના કાર્યભારની તાત્કાલિક સમીક્ષા કરવા માંગ

વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની શિક્ષણ સંઘને રજૂઆત

વલસાડઃ કપરાડા તાલુકાના નીલોસી ગામની શાળાના આચાર્ય શંકરભાઈ જાદવના આપઘાત પ્રકરણે સમગ્ર ગુજરાતના પ્રાથમિક શિક્ષણમાં ખળભળાટ મચાવી દીધો છે. ત્યારે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને પ્રમુખ જયેશ ગરાસિયાએ સંઘને પત્ર લખી રાજ્યના શિક્ષકો પર સતત વધી રહેલી શૈક્ષણિક, બિન શૈક્ષણિક તથા વહીવટી કામગીરીના ભારણને લઈ માનસિક તણાવને ધ્યાનમાં લઈ કાર્યભારનું તાત્કાલિક સમીક્ષા કરાવવા રજૂઆત કરી છે. રજૂઆતમાં શિક્ષકો નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે, પરંતુ થોડા સમયથી શૈક્ષણિક કામગીરી સાથે બિનશૈક્ષણિક વહીવટી ઓન લાઈન કામગીરી, સર્વે, ડેટા એન્ટ્રી, રિપોર્ટિંગ, પોર્ટલ કામગીરી, તાલીમો અનેક કામગીરીની સમય મર્યાદા, વારંવાર માંગવામાં આવતો ડેટા, ઓન લાઈન પ્લેટ ફોર્મ ઉપર માહિતી અપલોડ જવાબદારી, શાળા સમય બાદ કામગીરીની અપેક્ષાને લઈ શિક્ષકોમાં તણાવ, માનસિક થાક વધ્યો હોવાનું જણાવાયું છે.

શિક્ષણ મંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે, શિક્ષકની મુખ્ય ફરજ તરીકે શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા, બિન શૈક્ષણિક કામગીરીમાં ઘટાડો, નવી કામગીરી પહેલા વર્ક લોડ એસેસમેન્ટ ફરજિયાત કરવું, એક જ સમય ગાળામાં અનેક કામગીરીની સમય મર્યાદા ન રાખવી, શાળા સમય બાદ કામગીરી અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા, ડેટા અને વહીવટી કામગીરી માટે અલગ કર્મચારીઓ, જિલ્લા, તાલુકો કક્ષાએ શિક્ષકો માટે ગોપનીય કાઉન્સેલિંગ સ્ટ્રેસ મેનેજમેન્ટની વ્યવસ્થા, નાની ભૂલ માટે સુધારાની તક આપવામાં આવે.

ઉદવાડાના ઉપસરપંચ પદની ચૂંટણીમાં વિજય પટેલની જીત

સેશન કોર્ટનો ઓર્ડર હોવા છતાં ચૂંટણીમાં ભાગ ન લેવા દીધો: સરોશ ઈરાનીનો આક્ષેપ



પારડી: પારડીના ચર્યાસ્પદ ઉદવાડા ગામે આજરોજ ઉપસરપંચ પદ માટે રસાકસીભરી ચૂંટણી યોજાઈ હતી. એસીબીની કાર્યવાહી અને સસ્પેન્શન વિવાદ વચ્ચે યોજાયેલી આ ચૂંટણીમાં વિજય વિઠ્ઠલભાઈ પટેલનો ભવ્ય વિજય થયો છે. પારડી તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી વનરાજસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને ઉદવાડા ગ્રામ પંચાયતમાં ઉપસરપંચની ચૂંટણી પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજવામાં આવી હતી. ચૂંટણી દરમિયાન કુલ ત્રણ ઉમેદવારી ફોર્મ રજૂ થયા હતાં. જેમાં સરોશ ઈરાની, વિજય પટેલ અને કુમુદબેન ઈશ્વરભાઈ પટેલે ફોર્મ રજૂ કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીના હુકમ મુજબ અગાઉના ડેપ્યુટી સરપંચ સરોશ ઈરાનીનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું.

સરોશ ઈરાનીએ સેશન કોર્ટનો ઓર્ડર હોવા છતાં ચૂંટણીમાં ભાગ ન લેવા દીધાનો અને અન્યાય થયાનો આક્ષેપ કર્યો હતો. આ ચૂંટણીને હું કોર્ટમાં ચેલેન્જ કરીશ હોવાનું મીડિયા સમક્ષ જણાવ્યું હતું. ચૂંટણી અધિકારીએ ડેપ્યુટી સરપંચ માટે ફોર્મ ન ભરવાનું કારણ અંગે લેખિતમાં ન આપતા રોષ વ્યક્ત કર્યો હતો. જો કે, ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે તેમને કોઈ પણ નામદાર કોર્ટનો સત્તાવાર ઓર્ડર ન મળવાને કારણે ડીડીઓના આદેશ મુજબ કાર્યવાહી યથાવત રાખવામાં આવી છે. સરોશ ઈરાનીનું ફોર્મ રદ થયા બાદ વિજયભાઈ પટેલ અને કુમુદબેન પટેલ વચ્ચે સીધી જંગ થઈ હતી. આ ચૂંટણીમાં વિજયભાઈ પટેલને 5 મત અને કુમુદબેન પટેલને 4 મત મળ્યા હતા. બહુમતી મળતા વિજયભાઈ પટેલને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

મહેસૂલી કર્મીઓની હડતાળથી અનેક અરજદારનાં કામ અટક્યાં

વલસાડ, નવસારી, ડાંગમાં જિલ્લાભરના કર્મચારીઓ મોટી સંખ્યામાં એકઠા થયા



વલસાડઃ વલસાડ જિલ્લાના મહેસૂલી કર્મચારીઓએ પોતાની લાંબા સમયથી પડતર ૧૪થી વધુ માંગણીઓને લઈને મોરચો માંડ્યો છે. વલસાડના ઐતિહાસિક મોંઘાભાઈ હોલ ખાતે જિલ્લાભરના મહેસૂલી કર્મચારીઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને આજથી અચોક્કસ મુદતની હડતાળનું એલાન કર્યું છે. હડતાળના પહેલા જ દિવસે કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી તેમજ પંચાયત વિભાગમાં વિવિધ કામકાજ અર્થે આવેલા અરજદારો અને સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. દાખલાઓ, જમીનની નોંધણી અને અન્ય મહેસૂલી કામો ખોરવાઈ જતાં અરજદારોના કામ અટકી પડ્યા છે. નવીન પ્રજાપતિ (પ્રમુખ, વલસાડ જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ) એ જણાવ્યું હતું કે, અમારી પડતર ૧૪ માંગણીઓ સહિતના પ્રશ્નોનું યોગ્ય અને કાયમી નિરાકરણ નહીં આવે ત્યાં સુધી મહેસૂલી કર્મચારીઓ હડતાળ સમેટશે નહીં.

નવસારીમાં સરકારી કામગીરી પર અસર

નવસારી: નવસારીમાં પણ હડતાળને કારણે મામલતદાર કચેરીઓ, જનસેવા કેન્દ્રો તથા ગ્રામ્ય કક્ષાની કેટલીક મહેસૂલી કામગીરી પર અસર જોવા મળી રહી છે. જમીન સંબંધિત દસ્તાવેજો, અરજીઓ અને અન્ય કામગીરી માટે આવતા નાગરિકોને પણ વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. કર્મચારી મહામંડળે સરકાર સાથે ચર્ચા કરીને પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. હવે સરકાર અને કર્મચારી પ્રતિનિધિઓ વચ્ચેની ચર્ચા દ્વારા નિરાકરણ આવે અને સરકારી કામગીરી સામાન્ય બને તે તરફ સૌની નજર છે.

યોગ્ય ઉકેલ નહીં ત્યાં સુધી હડતાળ

સાપુતારા: ગુજરાત રાજ્ય મહેસૂલ મહામંડળના આદેશ સાથે ડાંગ જિલ્લા મહેસૂલ મંડળ તેમજ મહેસુલી વિભાગનો સ્ટાફ હડતાળમાં જોડાયો છે. ડાંગ જિલ્લા મહેસુલ મંડળના પ્રમુખ ચિરાગભાઈ રાણાએ જણાવ્યું હતું કે, પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી અનિશ્ચિત મુદ્દતની હડતાળ ચાલુ રાખવામાં આવશે. મહેસૂલી કર્મચારીઓ હડતાળ પર ઉતરતાં મહેસુલી વિભાગ સાથે સંકળાયેલી વિવિધ કામગીરી પર અસર થવાની શક્યતા ઊભી થઇ છે. ખાસ કરીને જમીન મહેસૂલ, હક્કપત્રક, વિવિધ પ્રમાણપત્રો, મહેસૂલી અરજીઓ સહિતની કામગીરી માટે દૂરનાં ગામડેથી કચેરીઓમાં આવતા અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

વલસાડમાં ફાયર સ્ટેશનની જમીનમાંથી ખાનગી એકમોને રસ્તો આપવાનો વિવાદ

કાયદા સમિતિના અધ્યક્ષે ઉચ્ચસ્તરીય તપાસ માંગી



વલસાડઃ વલસાડના ધમડાચી ગામે પાલિકા દ્વારા બનાવાયેલા ફાયર સ્ટેશનમાંથી ખાનગી બિલ્ડરોને કરોડો રૂપિયાનો લાભ કરાવવા પાલિકાના કેટલાક સત્તાધિશોએ રસ્તો કાઢી આપ્યો હતો. જેનો વિવાદ ચરમસીમએ પહોંચ્યો છે. આ વિવાદમાં હાલ પાલિકાના ભાજપી સભ્ય અને કાયદા સમિતિના અધ્યક્ષ નિતેષ વશીએ પણ સુરત વિભાગના પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

તેમની રજૂઆતમાં જણાવાયું કે, નગરપાલિકામાં ચૂંટાયેલી પાંખ અસ્તિત્વમાં ન હતી અને વહીવટદાર મારફતે વહીવટ ચાલતો હતો, તે સમયગાળા દરમિયાન ફાયર સ્ટેશન માટે અનામત જાહેર જમીનમાંથી ખાનગી બિલ્ડરો અને ફેક્ટરી માલિકોને રસ્તો આપવા સામે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૫૮ હેઠળ તાકીદે તપાસ અને કાર્યવાહી થવી જોઈએ.

તેમણે રજૂઆતમાં વધુ જણાવ્યું કે, પાલિકા દ્વારા તારીખ ૩૧/૧૨/૨૦૨૨ અને તારીખ ૨૫/૦૩/૨૦૨૩ના રોજ કરાયેલા પત્રવ્યવહારના આધારે કયા અધિકારીઓની નોંધણી અને કયા નિયમો હેઠળ કાર્યવાહી થઈ તેની ઝીણવટભરી તપાસની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી વિના ખાનગી હિતમાં માર્ગ આપવાની સત્તા હતી કે નહીં તેની વૈધાનિક ચકાસણી થવી અનિવાર્ય છે. સાથે જ ફાયર વિભાગ, ટાઉન પ્લાનિંગ અને એન્જિનિયરિંગ શાખાના અભિપ્રાયો સહિતની તમામ ફાઈલોની સંપૂર્ણ તપાસ થવી જોઈએ.

પ્રાદેશિક નિયામક સમક્ષ કરાયેલી માંગણીઓમાં સ્પષ્ટ જણાવાયું છે કે, જો ફાયર સ્ટેશનની જમીનમાંથી કોઈ પણ ખાનગી પક્ષને ખોટી રીતે 'રાઇટ ઓફ વે' કે અન્ય કાયદેસર હક અપાયો હોય તો તે તત્કાળ રદ કરવો જોઈએ.

વધુમાં, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્થળ પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ કરવો અને જો કોઈ બાંધકામ કે રસ્તો બની ગયો હોય તો જમીન મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવી જરૂરી છે. જો આ સમગ્ર પ્રકરણમાં વહીવટદાર, ચીફ ઓફિસર કે અન્ય ઈજનેરોની મિલીભગત, ભ્રષ્ટાચાર કે સત્તાનો દુરુપયોગ સામે આવે તો જવાબદારો પાસેથી નુકસાનની વસૂલાત કરી તેમની સામે પગલાં ભરવાની રજૂઆત પણ કરવામાં આવી છે.

ચાર વર્ષથી પાઇપલાઇનનું વળતર નહીં મળતાં ખેડૂતોનાં ધરણા

ધરમપુરમાં પાણી પુરવઠા કચેરીએ ખેડૂતોનો ઉગ્ર વિરોધ, તંત્રએ 25 દિવસમાં ચૂકવણીની હૈયાધરપત આપી



ધરમપુર: ધરમપુર તાલુકામાં વર્ષ 2022માં પાણી પુરવઠા વિભાગે ખેડૂતોની જમીનોમાંથી પાઇપલાઇન તો નાંખી દીધી, પરંતુ ચાર વર્ષ જેટલો સમય વીતી જવા છતાં કેટલાક ખેડૂતોને હજુ સુધી વળતર મળ્યું નથી. આદિવાસી નેતા કલ્પેશ પટેલની આગેવાની હેઠળ ખેડૂતો ધરમપુર પાણી પુરવઠા કચેરી ખાતે ઘસી ગયા હતા અને ધરણાં કરી તંત્ર સામે વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોના જણાવ્યા મુજબ, રાજપુર તલાટ, વિરવલ, નાની ઢોલ ડુંગરી, ખટાણા સહિત ધરમપુર વિસ્તારની અનેક જમીનોમાંથી વર્ષ 2022 દરમિયાન પાણી પુરવઠા વિભાગ દ્વારા પાઇપલાઇન પસાર કરવામાં આવી હતી. પાઇપલાઇન નાખતી વખતે જમીનના ઉપયોગ બદલ ખેડૂતોને વળતર આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે વર્ષો વીતી ગયા છતાં કેટલાક પાત્ર ખેડૂતોને વળતરની રકમ ચૂકવવામાં આવી નથી. લાંબી ચર્ચા બાદ તંત્ર દ્વારા બાકી રહેલી વળતરની પ્રક્રિયા આગામી 25 દિવસમાં પૂર્ણ કરી પાત્ર ખેડૂતોને રકમ ચૂકવવાની ખાતરી આપવામાં આવી હતી. જે બાદ ખેડૂતોએ ધરણાં સમેટી લીધા હતા. હવે ચાર વર્ષથી અટવાયેલા વળતરનો પ્રશ્ન ઉકેલાય છે કે ધક્કા ખાવા પડે છે, તે જોવું રહ્યું.